વલાદ નજીક બે ટ્રકો વચ્ચે ગંભીર અકસ્માત : બે ના મોત

સાંકળા હાઈવે પર જીવલેણ અકસ્માતોનું પ્રમાણ વધ્યુ સામસામે ટકરાયેલી ટ્રકોમાં ત્રણની હાલત ગંભીર : ફુરચો થઈ ગયેલી એક ટ્રકમાંથી કેબીનમાં ફસાઈ ગયેલ બે લાશ બહાર કાઢી

રસ્તાની વચ્ચોવચ કાર પાર્ક કરી ચાલક દાદાગીરી પર ઉતર્યો

ગાંધીનગરમાં વાઈબ્રન્ટ સમિટના પગલે મુખ્ય માર્ગો પર ટ્રાફિક પોલિસ દ્વારા ટ્રાફિક અને પાર્કિંગનું નિયમન કરવામાં આવી રહ્યું છે પરંતુ સેકટરોના અંદરના ભાગોમાં હજુ પણ કાર ચાલકોના આડેધડ પાર્કિંગથી સામાન્ય જનતા હેરાન થઈ રહી છે. સે-૨૧માં સાંકડા રસ્તામાં વચ્ચો વચ પાર્ક થયેલી આ કારના ચાલકનું આસપાસના રહીશોએ ધ્યાન દોરતાં કાર ચાલકે જવાબમાં તુમાખીભર્યું વર્તન કરતાં રહીશો સ્તબ્ધ થઈ ગયા હતાં. વિચાર્યા વગર પાર્કિંગ કરવા છતાં આ કારમાલિકની દાદાગીરી સામે ટુ વ્હીલર ચાલકો લાચાર થઈ પરેશાનીનો ભોગ બન્યા હતા.

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર નજીકથી પસાર થતા નેશનલ હાઈવે નં. ૮ પર નરોડા-ચિલોડા વચ્ચે વલાદ પાસે હાઈવે ખુબ સાંકળો હોવાથી અઠવાડીયે એક મોટો ગમખ્વાર અકસ્માત સર્જાવાની ઘટના તો બને જ છે અને આ જગ્યાએ કેટલાય લોકોએ અકસ્માતમાં જીવ પણ ગુમાવવાનું પોલીસ રેકોર્ડ પર છે. ગઈ રાત્રે પણ બે ટ્રક સામસામે ટકરાઈ જતા વધુ એક ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. જેમાં એક ટ્રકના ફુરચે-ફુરચા ઉડી જતાં કેબીનમાં બે મૃતદેહો ફસાઈ ગયા હતા. ફાયરબ્રિગેડે કટર વડે કેબીનનું લોખંડ કાપી બંને મૃતદેહ કાઢ્યા હતા અને એક ફસાઈ ગયેલા ક્લીનરને જીવતો બહાર કાઢ્યો હતો. ડભોડા પોલીસે આ અંગે ગુનો દાખલ કરીને વધુ તપાસ શરૂ કરી છે.

ચિલોડાથી નરોડા તરફ જતી આઈશર નં. જીજે-૩-ડબલ્યુ-૭૯૦૨ના ચાલકે વલાદ પાટીયા પાસે પંચેશ્વર મહાદેવ નજીક મોડી રાત્રે સામેથી નરોડાથી ચિલોડા તરફ આવતી ટ્રક નં. આર.જે.-જીએ-૫૮૩૫ને જબરદસ્ત ટક્કર મારતા આઈશરનો જ ખુડદો બોલી ગયો હતો. આઈશરની કેબીનમાં ટ્રક ડ્રાઈવર તથા ક્લીનર સહીત ત્રણ ફસાઈ ગયા હતા. ફાયરબ્રિગેડનો કાફલો, ડભોડા પોલીસ અને ગ્રામજનો બચાવ કામગીરીમાં જોડાઈ ગયા હતા. જો કે ફસાઈ ગયેલામાંથી નરોડાના ૪૦ વર્ષિય જયસિંહ તોમર તથા સઈજપુર બોઘા વિસ્તારના બહાદુરસિંહ દંડાકીયા બે ના કમકમાટીભર્યા મૃત્યુ નિપજ્યા હતા. જ્યારે એક ને કટરથી કેબીન કાપીને જીવતો બહાર નિકાળવામાં સફળતા મળી હતી.

આ અકસ્માતમાં કેશરજી હનુમાનસિંહ રાજપુત, ગજેન્દ્રસિંહ ગુજ્જર અને શૈલી મિશ્રા ત્રણ જણાં ગંભીર રીતે ઘવાયા છે જે હાલ સારવાર હેઠળ છે. ડભોડા પોલીસે ટ્રક ચાલકની ફરીયાદ લઈને આઈશરના ડ્રાઈવર સામે ગુનો દાખલ કરી પીએસઆઈ પી.જે. સોલંકીએ વધુ તપાસ શરૂ કરી છે.

ગાંધીનગરમાં આધારકાર્ડની કામગીરીમાં નાગરિકોની દયનીય સ્થિતિ

કર્મચારીઓની કાર્યપધ્ધતિ આળસુ, અંગુઠાની છાપ મેળવતું મશીન ખામીયુકત હોવાની ફરિયાદો તથા ફોર્મ ન મળવાં જેવી બાબતોનો ભોગ બનતા નાગરીકો

ગાંધીનગર, તા.૨૩

દેશભરમાં સરકારી કે બિનસરકારી કામકાજ અર્થે મહત્વના દસ્તાવેજી પુરાવા તરીકે આધારાકાર્ડ માન્ય બન્યું છે જેથી નાગરીકો જરુરી પ્રમાણપત્રો લઈ રહેઠાણ નજીકના જન સેવા કેન્દ્રમાં ઉમટી રહ્યા છે. ગાંધીનગરમાં પણ આધારકાર્ડની કામગીરી નિયત કચેરીએ શરુ કરાઈ છે જેમાં અનેક બાબતો થકી આ કામગીરી મંથરગતિએ ચાલતી હોવાથી નાગરિકોની સ્થિતિ દયનીય બની છે. ઉચ્ચકક્ષાએથી આ અંગે યોગ્ય કાર્યવાહી હાથ ધરી ઝડપ લાવવા નાગરિકોની જલદ માંગ ઉભી થઈ છે.

દેશમાં એલપીજી સબસીડી સીધી બેંકમાં જમા કરવાના સરકારના ૧ જાન્યુ ૨૦૧૫ સુધીના આદેશમાં દેશના નાગરિકોને આધારકાર્ડથી લીંક કરવાનું અભિયાન ચાલી રહ્યું છે. વધુમાં દસ્તાવેજી પુરાવા તરીકે પણ અતિ મહત્વનું આ આધારકાર્ડ હવે નાગરિકોની જરુરિયાત બન્યું છે. જેથી રાજયભરમાં નિયત સ્થળોએ ચાલતી આધારકાર્ડની કામગીરીમાં નાગરીકો મોટી સંખ્યામાં જોડાઈ રહ્યા છે. ગાંધીનગરમાં પણ આ કામગીરી ચાલી રહી છે પરંતુ કર્મચારીઓની આળસુ કાર્યપધ્ધતિ, ફોર્મ ન મળવા તથા કામગીરીમાં ઉપયોગી નાગરિકોના અંગુઠાની છાપ મેળવતું મશીન ખામીયુકત હોવા જેવી અનેક ફરિયાદો ઉભી થઈ છે. જેમાં ભુખ્યા-તરસ્યા રહીને નાગરિકોને આધારકાર્ડ મેળવવું એ મજબુરી બની હોવાનું ચિત્ર ઉપસી રહ્યું છે.

ગાંધીનગરમાં આધારકાર્ડની કામગીરી કરતાં કર્મચારીઓ એક તરફ મોબાઈલ ઉપર વાત કરતાં કરતાં આ કામગીરી કરે છે તો ઘણી વખત આ કામગીરીથી કંટાળ્યા હોય તેમ વારંવાર લઘુશંકાના બહાના હેઠળ આવ જા કરતાં હોવાની ફરિયાદ પણ હાજર નાગરિકો કરી રહ્યા છે. વધુમાં અંગુઠો મેળવવાનું મશીન યોગ્ય કામ કરતું ન હોવાથી નાગરિકોના અંગુઠા મેળવવા ઘણા સમયનો વ્યય કરવો પડી રહ્યો છે. જેથી નાગરિકોને કલાકો સુધી લાઈનમાં ઉભા રહેવા મજબૂર બનવું પડે છે. કામ કરતા કર્મચારીઓ પણ કોઈના દબાણવશ કામગીરી કરતા હોવાનું તેમના હાવભાવ ઉપરથી લાગતું હોવાનું પણ નાગરિકો જણાવી રહ્યા છે.

સરકાર દ્વારા આધારકાર્ડને મહત્વના દસ્તાવેજ તરીકે પ્રસ્થાપિત કર્યું છે ત્યારે તે મેળવવા માટેની પધ્ધતિ સરળ અને ઝડપી બનાવવા નાગરિકોમાં માંગ ઉભી થઈ છે. પોતાના અમુલ્ય મત થકી સરકાર સત્તા ઉપર આવે છે ત્યારે નાગરીકોની સમસ્યાઓ અને મુશ્કેલીઓ પ્રત્યે જવાબદારીપૂર્વક ધ્યાન આપવું જોઈએ તેવીલાગણી સામે નાગરિકો પોતાની હાલની દયનીય સ્થિતિનો ચિતાર વર્ણવી રહ્યા છે.

હવેલી પરગણા વણકર સમાજનો સ્નેહમિલન સમારંભ ગુરૂવારે

ગાંધીનગરના હવેલી પરગણા વણકર સમાજનો સ્નેહમિલન સમારંભ તા. ૨૫મી ડિસેમ્બર ગુરૂવારે સવારે ૧૦.૦૦ વાગે સે. ૭માં સૌરાષ્ટ્ર પટેલ વાડી સામે આવેલ લગ્નવાડી ખાતે યોજવામાં આવ્યો છે. આ સમારંભમાં સીનીયર સીટીજનો, તેજસ્વી તારલાં, નવી નોકરી, બઢતી તથા નિવૃત્તી પામનારનું સન્માન કરવામાં આવશે. આ સ્નેહમિલન સમારંભમાં સહ પરિવાર હાજર રહેવા સમાજના સભ્યોને અનુરોધ કરાયો છે.

આરસોડીયામાં તેજાનંદ સ્વામીજીની પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ યોજાશે

શ્રી તેજાનંદ ધામનો પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ તા. ૨૫મી ડિસેમ્બરના રોજ આરસોડીયા ગામે યોજાશે. શ્રી તેજાનંદ મંદિર ઝિંઝુવાડાના ગાદીપતી શ્રી દયારામ બાપુ, શ્રી ગોરધનભાઈ ઝડફીયા, પૂર્વ સાંસદશ્રી નટુજી ઠાકોર, શ્રીમાળી જગદીશભાઈ, શ્રી મધુસુદન શ્રીમાળી, શ્રી ગીરીશકુમાર ગોવિંદલાલ પંડ્યા, શ્રી કીરીટાઈ શ્રીમાળીના વરદ હસ્તે રાખવામાં આવેલ છે. આ ધાર્મિક કાર્યક્રમમાં હાજર રહેવા જણાવેલ છે.

આજથી ગેઝીયા આયોજિત ક્રિકેટ- વોલીબોલ ટૂર્નામેન્ટનો પ્રારંભ

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર ઈલેક્ટ્રોનિક્સ ઝોન ઈન્ડસ્ટ્રીયલ એસોસિએશન (ગેઝીયા) દ્વારા તા. ૨૪ ડિસેમ્બરથી સે. ૨૫માં ઈલેક્ટ્રોનિક્સ જીઆઈડીસીના પ્લોટ નં. ઈ-૨૫ ખાતે ક્રિકેટ અને વોલીબોલ ટૂર્નામેન્ટનુંઆયોજન કરવામાંઆવ્યુંછે. આ ટૂર્નામેન્ટ સવારે ૯.૦૦ વાગેપ્રારંભ થશે. જેમાં ગેઝીયાના સભ્યો તથા કંપનીઓમાં કામ કરતા કર્મચારીઓની કુલ ૩૨ ટીમો ભાગ લઈ રહી છે. આ ટૂર્નામેન્ટનો લાભ લેવા તમામ રમતપ્રેમીઓને આમંત્રણ આપવામાં આવ્યું છે.

પેન્શન મંડળના અગ્રણી કે. ઓ. વ્યાસનું અવસાન

ગાંધીનગર શહેર પેન્શન મંડળના અગણી અને સેક્ટર-૭-ડી વસાહત મંડળના અગ્રણી શ્રી કે.ઓ. વ્યાસનું ૭૭ વર્ષની ઉંમરે દુઃખદ અવસાન તા. ૨૨મી ડિસેમ્બરે થયું છે. જેમની સ્મશાનયાત્રામાં પેન્શન મંડળ, વસાહત મંડળ તથા સીનીયર સીટીઝન તથા બ્રહ્મસમાજના હોદ્દેદારો જોડાયા હતા.

પોલીસ બંદોબસ્ત વચ્ચે અક્ષરધામ સામે ફેન્સીંગ કરી દેવાઈ

બે દિવસ પહેલા ફેન્સીંગ પોલ તોડીને હલ્લો બોલાવનાર ટોળા સામે ફરીયાદ

ગાંધીનગર, તા. ૨૩

અક્ષરધામ સામેનાં લારી-ગલ્લા તથા પાથરણાનાં દબાણને સાફ કરવા વાઈબ્રન્ટના ઓથા હેઠળ તંત્રએ દબાણકારોને હટાવીને રાતોરાત ફેન્સીંગ કામગીરી કરી દીધી હતી જેને પગલે ફેન્સીંગ પોલની તોડફોડ કરી દબાણકારોએ હલ્લો બોલાવી આંદોલનની ચિમકી આપી હતી. આજે સવારે એકાએક પોલીસ બંદોબસ્ત ગોઠવી દઈને તંત્રએ તે સ્થળે ફેન્સીંગ કામગીરી શરૂ કરી દીધી હતી. બે દિવસ પહેલા હલ્લો કરનાર ટોળા સામે પણ વન વિભાગે પોલીસ ફરીયાદ આપી દીધી છે.

અંદાજે વીસેક વર્ષથી અક્ષરધામની સામે લારી-ગલ્લા તથા પાથરણા મુકીને પરીવારનું પેટીયુ રળતા બોરીજ ગામના વેપારીઓને વાઈબ્રન્ટ પહેલા હટાવી લેવાયા હતા. એક મહિનાનો જ પ્રશ્ન હોવાનું સમજીને વેપારીઓ હટી ગયા હતા. જો કે તંત્રએ રાતોરાત આ જગ્યાને ફેન્સીંગ કરી નાંખવાની કામગીરી શરૂ કરી દેવાતા હંગામો મચ્યો હતો. આંદોલનની ચિમકી આપીને ફેન્સીંગ પોલ તોડી નાંખવામાં આવ્યા હતા. દરમ્યાન આજે સવારે આ સ્થળે લોખંડી સુરક્ષા વ્યવસ્થા માટે પોલીસનો કાફલો ગોઠવી દેવાયો હતો. બીજી તરફ ફેન્સીંગ કામગીરી પણ શરૂ કરી દેવાઈ હતી. બે દિવસ પહેલા હલ્લો મચાવનાર વેપારીઓના ટોળા સામે વન વિભાગ દ્વારા પોલીસ ફરીયાદ નોંધાવવામાં આવી છે.

આજના યુગમાં ડગલે ને પગલે તુટતા લગ્ન સંબંધોના લીધે તંદુરસ્ત સમાજના નિર્માણ સામે મોટો પ્રશ્ન મંડરાયો છે. કોર્ટ સંકુલ બહાર પણ મંગળવારે બપોરે છૂટાછેડાના કેસ સંદર્ભે સ્ત્રીધન તેમજ અન્ય જરૂરી સામાનની આપ લે કરવામાં આવી હતી. સરાજાહેર ઘરવખરીના સામાનની યાદી સાથે તૈયાર કરાયેલા બોક્ષમાંથી લેતી-દેતી પૂર્ણ કરવામાં આવી હતી..!!

SANGHI CEMENT
KisaN
ashirvad C. PVC, UPVC
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK 500 TMT BARS - ISI
BENELAVE BATH FITTINGS
DR.FIXIT FOR HEALTHY CONSTRUCTION
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૭.૨૦
સૂર્યાસ્ત : ૫.૫૯

તાપમાન

મહત્તમ : ૨૭.૦ ડિ.સે.
લઘુત્તમ : ૧૦.૦ ડિ.સે.

ભેજનું પ્રમાણ

સવારે ૮૮ ટકા ● સાંજે ૪૨ ટકા

મનોરંજન

મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
પી.કે. : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦. ૦૦
સ્ક્રીન-૨ :
પી.કે. : ૯.૦૦, ૧૨.૦૦, ૩.૦૦, ૬.૦૦, ૯.૦૦
સ્ક્રીન-૩ :
પી.કે. : ૧૧.૦૦, ૨.૦૦, ૫.૦૦, ૮.૦૦

સીટી પલ્સ

: સ્ક્રીન-૧ :
પી.કે. : ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫
: સ્ક્રીન-૨ :
પી.કે. : ૧૨.૧૫, ૩.૧૫, ૬.૩૦, ૯.૩૦
: સ્ક્રીન-૩ :
પી.કે. : ૨.૧૫, ૫.૧૫, ૮.૧૫
: સ્ક્રીન-૪ :
પી.કે. : ૧૦.૦૦
એકશન જેકસન : ૩.૪૫, ૧૦.૦૦
લિંગા (તમીલ) : ૭.૦૦
: સ્ક્રીન-૫ :
પી.કે. : ૧૧.૧૫
: સ્ક્રીન-૬ :
પી.કે. : ૧૦.૦૦

સિનેમેક્સ

: સ્ક્રીન-૧ :
પી.કે. : ૯.૦૦, ૧૨.૨૦, ૩.૪૦, ૭.૦૦, ૧૦.૨૦
: સ્ક્રીન-૨ :
પી.કે. : ૧૧.૨૦, ૨.૪૦, ૬.૦૦, ૯.૨૦
સ્ક્રીન-૩ :
પી.કે. : ૯.૫૦, ૧.૦૦, ૪.૧૦, ૭.૩૦, ૧૦.૪૫
સ્ક્રીન-૪ :
પી.કે. : ૧૦.૪૦, ૨.૦૦, ૫.૨૦, ૮.૪૦

આપની આજ

મેષ : આર્થિક સંપન્નતા વધશે. દૃઢ નિશ્ચયની પ્રવૃત્તિને કારણે કાર્યામાં વિજય પ્રાપ્ત થઈ શકે છે. કાર્યની પ્રત્યે ઉતાવળ અને બેદરકારી ન કરો.

વૃષભ : આર્થિક ઉન્નતિ થશે. મુશ્કેલીઓ દૂર થશે. કુટુંબમાં કોઈ સભ્યની ઉન્નતિથી સામાજિક સમ્માન વધશે. રહેઠાણ સંબંધી સમસ્યા રહી શકે છે.

મિથુન : યોગ્ય દિશામાં પ્રયત્ન કરવાથી અટકેલા નાણાં પાછા મળશે. અધિકારી તમારા કાર્યથી પ્રસન્ન થશે. બુદ્ધિના ઉપયોગથી કાર્યમાં વૃદ્ધિ થશે. કાયદાકીય બાબતોમાં સફળતા પ્રાપ્ત થઈ શકશે.

કર્ક : કોઈ નામી વ્યક્તિથી મુલાકાત થશે. ઉપહાર મળી શકે છે. વ્યાપાર- વ્યવસાયમાં ઉન્નતિ થશે. સ્વપ્નાઓ સાકાર થઈ શકશે. આળથી બચીને સક્રિય થઈ જવું તમારા માટે લાભકારક રહેશે.

સિંહ : જ્ઞાનવૃદ્ધિ માટે સ્વાધ્યાયમાં રુચિ વધશે. ખાન-પાનની ગડબડીથી આરોગ્ય ખરાબ થઈ શકે છે. ગુસ્સા અને આવેશ પર સંયમ રાખવો. વ્યપારમાં અનાયાસ ખલેલ પહોંચી શકે છે.

કન્યા : વ્યાપારની બાબતમાં યોગ્ય નિર્ણય ન લેવાથી હાનિ થઈ શકે છે.વિરોધીઓની તરફ ધ્યાન ન આપીને સ્વયં કાર્ય કરો. વિષમ પરિસ્થિતિમાં પણ ધૈર્ય બનાવી રાખવું પડશે.

તુલા : દરેક ક્ષેત્રમાં સમ્માન મળશે. વેપાર ક્ષેત્રમાં નવી યોજનાઓથી લાભ. દિનચર્યા ખૂબ વ્યસ્ત અને વ્યવસ્થિત રહી શકશે. નોકરીમાં સ્થિતિ સુધરશે.

વૃશ્ચિક : સગા-સંબંધીઓથી મુલાકાત થશે. લાભનો માર્ગ ખુલ્લો થશે. આર્થિક ચિંતા જરાકમાં જ ઉકેલાઈ શકે છે. વ્યવસાયમાં વૃદ્ધિનો યોગ છે. નિર્ણય લેવામાં વિલંબ ન કરો.

ધન : ઈચ્છિત કાર્ય પૂર્ણ થઈ શકશે. આરોગ્ય સારું રહી શકશે. વિલાસિતાની વસ્તુઓ ખરીદવાનો યોગ બનશે. કાર્ય કરવાની સ્થિતિમાં સુધાર અને ગુણાત્મકતા આવશે.

મકર : પિતાથી વ્યવસાયિક મતભેદ થવાની આશંકા છે. કાર્યક્ષેત્રનો વિસ્તાર થશે. આરોગ્ય સારું રહેશે. મકાન સંબંધી સમસ્યાનો સમાધાન થવાનો યોગ છે. ભૌતિક સુખ- સમૃદ્ધિ વધશે.

કુંભ : ભૂમિ-સંપત્તિના સોદામાં લાભ થવાની સંભાવના છે. કૌટુંબિક જીવનમાં સુખ-સમૃદ્ધિ રહેશે. આરોગ્યમાં અનુકૂળતા તમને ચિંતાઓથી મુક્ત કરશે.

મીન : અથાગ પ્રયત્નોનો ઓછો લાભ મળશે. નકામો તનાવ, મુશ્કેલી રહેવાની સંભાવના છે. શિક્ષણ સંબંધી કાર્યોમાં ગહન શોધ થશે.

ચિરવિદાય

- સ્વ. કનૈયાલાલ આધવજી વ્યાસ (ઉ.વ.૭૬) સે-૭બી, પ્લોટ નં. ૧૨૯૫/૧, ગાંધીનગર
- સ્વ. ચંપાબેન લાલજીભાઈ મહેરીયા (ઉ.વ.૫૮) પ્લોટ નં. ૧૪૧૮/૨, સે-૨બી, ગાંધીનગર
- સ્વ. વસંતલાલ ચુનીલાલ પટેલ (ઉ.વ.૬૪) પ્લોટ નં. ૧૩૫૬/૧, સે-૨બી, ગાંધીનગર
- સ્વ. રણજીતસિંહ મગનજી ડાભી (ઉ.વ.૬૦) સત્યમ એપાર્ટમેન્ટ, સે-૨૪, ગાંધીનગર
- સ્વ. જયંતિલાલ બબલદાસ દરજી (ઉ.વ.૭૨) સહયોગ એપોર્ટમેન્ટ, સેક્ટર-૨૪, ગાંધીનગર
- સ્વ. ગાંડાજી પૂંજાજી ઠાકોર (ઉ.વ.૭૦) મુ. મહુદરા, તા.જી. ગાંધીનગર
- સ્વ. પરસોત્તમભાઈ કમાભાઈ ભટ્ટી (ઉ.વ.૭૦) મુ. ધોળાકુવા, તા.જી. ગાંધીનગર